**રાજકોટના મહે. ૧૬માં ચીફ જ્યુડી.મેજી તથા અધિક સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટમાં,**

ફોજદારી કેસ નં– 35359/2024

આંક–૬

ફરીયાદી

સરકારશ્રી

વિરૂધ્ધ

ગોરધનભાઈ નાથાભાઈ બાવળીયા આરોપી

**<u>ગુન્હો:– ગુજરાત પોલીસ એક્ટ ની કલમ 135(1)</u>**

:: ઓર્ડર ::

(1) રાજકોટ શહેર વિસ્તારમાં કોઈપણ પ્રકારનો સુલેહ શાંતીનો ભંગ ન થાય તે માટે પોલીસ કમિશ્નર સા. શ્રી રાજકોટ શહેરના દ્વારા જાહેરનામું બહાર પાડેલ હોય જે જાહેરનામાનો ચુસ્તપણે અમલવારી કરાવવા તેમજ નાયબ પોલીસ કમિ. સા. શ્રી કાઈમ સ્વા. તરફથી સુચના આપેલ હોય જે અનુસંધાને પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમ્યાન આરોપી પોતાના કબ્જામાં જાહેર માં સુલેહ શાંતિ નો ભંગ કરવાના ઈરાદે પાબંધિત વસ્તુ/શસ્ત્ર લઈને નીકળેલા હોય પો.કમી. ના જાહેર નામાં નો ભંગ કરેલ હોય જેથી અટક કરી તપાસ ના અંતે GP act 135 મુજબના ગુન્હા ના પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ છે.

(2) જે મુજબ આરોપી વિરુદ્ધ સમન્સ ઈસ્યુ કરાતા આરોપી હજાર થયેલ છે અને તેને કેસના કાગળો તથા ચાર્જશીટ ની નકલ આપી ગુન્હા વિશે જણાવી પ્લી નોંધી આરોપી દ્વારા ગુન્હો કર્યા નું સ્વીકારતા પ્લી રેકર્ડ કરેલ છે. આરોપી દ્વારા પ્રથમ વખત નો ગન્હો હોય દયા ની અરજ કરેલ છે. તથા ગુન્હા બાબતે ભવિષ્યમાં ફરી વાર ગુનાહિત પ્રવૃત્તિ થી દૂર રેહવાની બાહેંધરી આપેલ છે. આરોપી કુટુંબ ધરાવતા છે અને આરોપી પર પોતાના કુટુંબ નું ભરણ પોષણ કરવાની જવાબદારી રહેલ છે તેમ જણાવેલ અને ઓછી સજા/દંડ કરવા અરજ કરેલ છે.

(3) વધુમા આરોપીના કેસ જોતા ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોના કેસમા ૨૦૦૫ જી.એલ.આર.પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદામા માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચિત જણાય છે

જેથી આરોપીને સુધરવાની તક મળે તેથી આ કેસના તમામ સંજોગો લક્ષમા લઈ નીચે મુજબ હુકમ કરુ છુ.

:: હુકમ ::

(1) આ કામના આરોપીને BNSS ની કલમ 275 તળે GP એક્ટની કલમ 135 (1)ના ગુનામા તકસીરવાન ઠેરવવામાં આવે છે. સજા અંગે સાંભળતા ઉપરોક્ત કારણો મુજબ કાયદામાં ફરમાવેલ સજા કરતા ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.
(2) આથી આરોપીને રૂા. ૨૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધી ની સજા કરવામાં આવે છે.જો આરોપી દંડ ન ભરે તો દિવસ-3 ની સાદી કેદની સજા ફરમાવવામા આવે છે.

સદર હુકમ આજ રોજ તારીખ ૧૩/૧૨/૨૦૨૫ રોજ લોકઅદાલતમાં સ્પે. સિટિંગમાં જાહેર કર્યો.

**રાજકોટ**
**તા.૧૩/૧૨/૨૦૨૫**
**લોકઅદાલત**

**(એમ.એમ.શેખ)**
**૧૬માં અધિક ચીફ જ્યુડી.મેજી.**
**રાજકોટ.**
**U.I.C. NO. GJ01294**

**ફોજદારી દંડની રકમ રૂ..200/- બસો પૂરા**

**દંડની પહોચ નં...07... તા. ૧૩/૧૨/૨૦૨૫**

**થી વસુલ લીધી.**

**Najir**

**C. J. M. Court**

**Rajkot.**